# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

www.aau.in www.jau.in www.nau.in www.sdau.edu.in

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના બી-ગ્રુપના અભ્યાસક્રમોમાં ઓનલાઇન કેન્દ્રિય પ્રવેશ કાર્યક્રમ : શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮

ગુજરાત રાજ્યની આણંદ, જુનાગઢ, નવસારી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ સાથે) ઉતીર્ણ થયેલ વિધાર્થીઓ માટે કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના બી-ગ્રુપના જ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઇચ્છુક ઉમેદવારો માટે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન પ્રવેશ અરજીપત્રક ભરવા માટે વેબસાઇટ http://b.gsauca.in દ્વારા ઓનલાઇન અરજી ફી ડેબીટકાર્ડ/ક્રેડીટકાર્ડ/નેટબેંકીંગ અથવા બેન્ક ચલણની પ્રિન્ટ તા.૨૯/૦૫/૨૦૧૭ થી તા.૧૫/૦૬/૨૦૧૭ દરમ્યાન મેળવી એચ.ડી.એફ.સી. બેન્કની કોઈપણ શાખામાં કામકાજના સમય દરમ્યાન (જાહેર રજાના દિવસ સિવાય) અરજી ફી પેટે રૂ.૫૦૦/- ભર્યા બાદ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. તેમજ પ્રવેશ પ્રક્રિયા પણ ઓનલાઇન થશે.

પ્રવેશ અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી http://b.gsauca.in પરથી મેળવી શકાશે. પ્રવેશ અંગેની અદ્યતન માહિતી ઉપરોક્ત વેબસાઇટ ઉપરથી મેળવી લેવાની રહેશે. જેની વાલી/વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી. પ્રવેશ કામગીરી અંગેની વિગતો માત્ર ઉપર જણાવેલ વેબસાઇટ ઉપરથી જ મેળવી લેવાની રહેશે. હવે પછી આ અંગે કોઈ જાહેરાત આપવામાં આવશે નહી.

| 'B' ગ્રુપના સંલગ્ન અભ્યાસક્રમો | |
|---|---|
| • B.V.Sc.& A.H. | • B.Sc.(Hons.) Agri. |
| • B.F.Sc. | • B.Sc.(Hons.) Horti. |
| • B.Sc.(Micro.) | • B.Sc. (Hons.) Forestry |
| • B.Sc.(Bio-Chem.) | • B.Sc.(Biotech.) |
| • B.Tech (Biotech.) | • B.Sc. (Hons.) Home Science & Nutrition |

અગત્યની સૂચના:

(૧) સદર અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે GUJCET આપેલ હોવી જરૂરી છે.

(૨) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા ઓનલાઇન ફી ડેબીટકાર્ડ/ક્રેડીટકાર્ડ/નેટબેંકીંગ રસીદ અથવા બેંકમાં ભરેલ રૂ.૫૦૦/-નું ચલણ રજૂ કર્યેથી કોલેજ / હેલ્પ સેન્ટર ખાતેથી વિના મૂલ્યે આપવામાં આવશે.

(૩) બી. ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેકનોલોજી) અભ્યાસક્રમમાં 'એ' ગૃપ તથા 'બી' ગૃપના ઉમેદવારો પ્રવેશપાત્ર છે. જેથી આવા ઉમેદવારોએ 'એ' ગૃપના અભ્યાસક્રમમાં એડમીશન માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. (આ અંગે પ્રવેશ કામગીરી જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢને સોંપાયેલ છે.)

તા.૨૪/૦૫/૨૦૧૭

કુલપતિ અને નોડલ અધિકારી (બી-ગ્રુપ પ્રવેશ)
આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ